# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

- કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.
- લોકસભાની આગામી ચૂંટણીમાં બિહારની લોકસભાની 40 બેઠકોની વહેંચણી અંગે એનડીએ મોરચામાં સંમતિ સધાઇ છે.
- ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે.
- સર્વોચ્ચ અદાલતે ઇલેક્ટોરલ બોન્ડના આગવા બોન્ડ નંબર સાથેની સંપૂર્ણ વિગતો આગામી 21મી માર્ચ સુધીમાં રજૂ કરવા એસબીઆઇને આદેશ આપ્યો છે.
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાના સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીન સાથે ટેલીફોન પર દ્વિપક્ષીય મંત્રણા કરી છે.
- મલ્યાલમ સાહિત્યના જાણીતા કવિ પ્રભા વર્માની વર્ષ 2023 માટેના ગૌરવપ્રદ સરસ્વતી સન્માન માટે પસંદગી કરવામાં આવી છે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ECI--HOME-SECYS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહસચિવોની બદલી કરાઇ છે. મિઝોરમ અને હિમાચલ પ્રદેશના સામાન્ય વહીવટ વિભાગના સચિવોની પણ બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત બૃહન્મુંબઇ મહાનગરપાલિકાના કમિશ્નર ઇકબાલસિંહ ચહલ અને એડિશનલ કમિશ્નરની પણ બદલી કરવાનો નિર્દેશ અપાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SIKKIM-ELECTIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ સિક્કિમ વિધાનસભાની ચૂંટણી માટેનું જાહેરનામું 20મી માર્ચે બહાર પડશે.

ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 27મી માર્ચ હશે, 28મી એ ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે, જ્યારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ  છે.

મતદાન 19મી એપ્રિલે જ્યારે  વિધાનસભાની ચૂંટણીની મતગણતરી આગામી બીજી જૂને અને લોકસભાની બેઠક માટેની મતગણતરી 4થી જૂને યોજાશે.

સિક્કિમના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે સિક્કિમમાં ચાર લાખ, 63 હજાર 929 મતદારો છે. આ પૈકી બે લાખ 32 હજાર 381 પુરુષ મતદારો, અને બે લાખ 31 હજાર 545 મહિલા મતદારો છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે દરેક મતદાન મથકે દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો સહિત બધા જ મતદારોને જરૂરી સુવિધાઓ પૂરી પડાશે.

. . . . . . . . . . .

## REV.-NDA---BIHAR-SEATS-FINALIZED

લોકસભાની આગામી ચૂંટણીમાં બિહારની લોકસભાની 40 બેઠકોની વહેંચણી અંગે એનડીએ મોરચામાં સંમતિ સધાઇ છે.

ભાજપના મહામંત્રી વિનોદ તાવડેએ આજે દિલ્હીમાં જણાવ્યું હતું કે બિહારની લોકસભાની 40 બેઠકો પૈકી ભાજપ 17, જેડીયુ 16, અને લોકજનશક્તિ પાર્ટી પાંચ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. એવી જ રીતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચેતનરામ માંઝીના વડપણ હેઠળનો હિન્દુસ્તાની અવામી મોરચો અને રાષ્ટ્રીય લોકમોરચો એક-એક બેઠક પર ઉમેદવાર ઉભા રાખશે.

. . . . . . . . . . .

## REV. EVE. PM SHIVAMOGGA RALLY

**ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્ણાટકના શિવમોગાઈમાં રેલી દરમિયાન કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કરતાં તેમની પાર્ટીને વિકાસ અને મજબૂત ભારતનો પર્યાય ગણાવ્યો હતો. આ ઉપરાંત તેમણે સરકારની વિવિધ યોજનાઓથી થયેલા લાભોનો ઉલ્લેખ કરી છેલ્લા 10 વર્ષના શાસન દરમિયાન થયેલા વિકાસ વિશે લોકોને માહિતગાર કરી આવનાર પાંચ વર્ષ માટે વધુ વિકાસની ખાતરી આપી હતી.**

. . . . . . . . . . .

# PM-PUTIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ફરીથી ચુંટાઇ આવવા બદલ વ્લાદીમીર પુતિનને અભિનંદન આપ્યા છે.

સોશિયલ મીડીયા ઉપર પ્રધાનમંત્રીએ શ્રી પુતિનના વડપણ હેઠળ રશિયા અને ભારત વચ્ચેનો સહકાર વધુ સુદ્રઢ બનશે અને વર્ષોથી ચાલી આવતી બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી યથાવત રહેશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . .

# Election-2024-1

ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી તંત્ર સજ્જ છે.

તેમણે કહ્યું કે, મતદાતાઓ માટે મતદાન મથકે વિશેષ આયોજનો કરાયા છે. રાજ્યનો કોઈપણ નાગરીક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરીયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સી-વીજીલ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, તમામ મતદાન મથકોએ રેમ્પ,પીવાના પાણીની સુવિધા, સહીતની ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ આવરી લઈ અંદાજે **4 લાખ 50 હજાર** કર્મચારીઓ ફરજ બજાવશે. વધુમાં રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરી માટે 1 લાખ 20 હજાર જેટલું પોલીસ દળ ઉપલબ્ધ છે.

ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાના સુચારૂ અમલ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, જાહેર મકાનો પરના લખાણો, બેનરો, પોસ્ટર્સ વગેરે દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

ચૂંટણી જાહેર થતાંની સાથે જ ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં **756** ફ્લાઈંગ સ્કોડ, **206** એકાઉન્ટીંગ ટીમ, **251** વિડીયો વ્યૂઈંગ ટીમ, **480** વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

## **Election-2024**-2

ભારતના ચૂંટણી પંચ દ્વારા કુલ મતદાન મથકો પૈકીના 50 ટકા મતદાન મથકોનું મતદાનના દિવસે લાઈવ વેબકાસ્ટીંગ કરવાની સૂચના અપાઇ છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ચૂંટણી સંદર્ભે મળતી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય અને સમગ્ર પ્રક્રિયા પર અસરકારક નિયંત્રણ રહે તે હેતુથી **ગત 16મા માર્ચથી** ગાંધીનગર ખાતે એક નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવ્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ રાજ્યના તમામ નાગરિકોને પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહિં તે તપાસી લેવા અને ન હોય તો મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે અરજી કરવા અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . . . . . . .

# SC-SBI-BOND

સર્વોચ્ચ અદાલતે ઇલેક્ટોરલ બોન્ડના ખરીદદાર અને તેને મેળવનાર વ્યક્તિની માહિતી આપતાં આગવા બોન્ડ નંબર સાથેની સંપૂર્ણ

વિગતો અદાલતમાં આગામી 21મી માર્ચ સુધીમાં રજૂ કરવા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાને આદેશ આપ્યો છે. એવી જ રીતે સર્વોચ્ચ અદાલતે સ્ટેટ બેન્ક દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવી હોવા અંગે જાહેર નામું 21મી માર્ચના સાંજના પાંચ વાગ્યા સુધીમાં અદાલતમાં રજૂ કરવાનો પણ આદેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડના વડપણ હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્ટેટ બેન્કે બોન્ડની તમામ વિગતો જાહેર કરવી પડશે.

. . . . . . . . . . .

# RAJNATH---US-SECRETARY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાના સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીન સાથે ટેલીફોન પર દ્વિપક્ષીય મંત્રણા કરી છે. બંને અગ્રણીઓએ દ્વિપક્ષીય ઉપરાંત પ્રાદેશિક સલામતી અને સલામતી ક્ષેત્રમાં સહકાર વધારવા અંગે પણ ચર્ચા કરી છે.

અમેરિકાના વિદેશમંત્રીએ હિન્દ મહાસાગર વિસ્તારમાં ભારતીય નૌકાદળના જવાનોએ ચાંચીયાઓ સામે કરેલી સફળ કાર્યવાહીની પ્રશંસા કરી હતી. આ વાતચીત દરમિયાન ભારતના શીપયાર્ડમાં અમેરિકાના નૌકાદળના જહાજોનું સમારકામ કરાવવાનો મુદ્દો આવરી લેવાયો હતો.

દરમિયાન ભારત અને અમેરિકાની સેનાની ત્રણેય પાંખોના જવાનોએ આપત્તિના સમયે માનવતાના ધોરણે સહાયને અસરકારક

બનાવવા ખાસ કવાયત ભારતીય જળવિસ્તારમાં આજથી શરૂ કરી છે. જે આગામી 31મી માર્ચ સુધી ચાલશે.

. . . . . . . . . . .

## KK-BIRLA-SARASWATI-SAMMAN

મલ્યાલમ સાહિત્યના જાણીતા કવિ પ્રભા વર્માની વર્ષ 2023 માટેના ગૌરવપ્રદ સરસ્વતી સન્માન માટે પસંદગી કરવામાં આવી છે.

મલ્યાલમ ભાષામાં તેમણે લખેલા રૂદ્ર સાત્વિકમ અને વર્ષ 2013 થી 2022 દરમિયાન તેમણે મલ્યાલમ સાહિત્યમાં આપેલા નોંધપાત્ર પ્રદાનને ધ્યાનમાં લઇને આ પુરસ્કાર તેમને અપાશે. પુરસ્કાર વિજેતાને પ્રતિક ચિન્હ, પ્રશસ્તી પત્ર અને 15 લાખ રૂપિયા રોકડ પુરસ્કાર અપાય છે.

. . . . . . . . . . .

## Satyendar Jain

**સુપ્રીમ કોર્ટે મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનની જામીન અરજીને આજે ફગાવી દીધી છે અને તેમને તાત્કાલિક આત્મસમર્પણ કરવા કહ્યું હતું. કોર્ટે અન્ય બે આરોપી અંકુશ અને વૈભવ જૈનની જામીન અરજી પણ ફગાવી દીધી છે.. સત્યેન્દ્ર**

**જૈનને ગયા વર્ષે મે મહિનામાં તબીબી આધાર પર છ અઠવાડિયા માટે વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા.**

. . . . . . . . . . .

# HOCKEY-AUSTRALIA-TOUR

ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે આગામી 6ઠ્ઠી એપ્રિલથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી પાંચ હોકી મેચોની શ્રેણી માટેની 27 સભ્યોની ભારતીય પુરૂષ ટીમના ખેલાડીઓની જાહેરાત કરવામાં આવી છે.

હરમનપ્રિત સિંહ  ટીમના સુકાની રહેશે, જ્યારે હાર્દિક સિંહ ઉપસુકાની રહેશે. આ બધી જ મેચો પર્થમાં રમાશે. પેરિસ ઓલિમ્પિક 2024 રમતોત્સવની તૈયારી માટે ઓસ્ટ્રેલિયામાં રમાનારી મેચો ભારતીય ખેલાડીઓ માટે મદદરૂપ થશે.

. . . . . . . . . . .

# REV.-AJMER-TRAIN-MISHAP

રાજસ્થાનમાં અજમેરથી જયપુર રેલવે માર્ગ ઉપર મદાર રેલવે સ્ટેશન નજીક એક સુપર ફાસ્ટ ટ્રેનનું એન્જીન અને ચાર કોચ ગઇકાલે રાત્રે પાટા પરથી ખડી પડતાં રેલવે વ્યવહારને  અસર થઇ હતી.

ઉત્તર-પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શશીકરને જણાવ્યું છે કે આ દુર્ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી, અને રેલવે તંત્રે યુદ્ધના ધોરણે કામગીરી કરીને આ માર્ગ પરનો રેલવે વ્યવહાર ફરીથી સ્થાપિત કર્યો છે. સાબરમતીથી આગ્રા કેન્ટ ટ્રેન નીકળ્યા બાદ અન્ય ટ્રેનોની સેવા તબક્કાવાર શરૂ થઇ છે. જો કે અકસ્માતના પગલે છ ટ્રેનને રદ કરવામાં આવી છે. જ્યારે ઘણી ટ્રેનો નિર્ધારિત સમય કરતાં વિલંબથી ચાલી રહી છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે આજે દિલ્હી તરફ જનારી સાબરમતી – દિલ્હી આશ્રમ એક્સપ્રેસ દોરાઇથી મદાર વૈકલ્પિક માર્ગ ઉપર ચલાવાશે.

. . . . . . . . . . .

## NDMA-CONFERENCE

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ NDMA ના સભ્ય રાજેન્દ્રસિંહે જણાવ્યું છે કે સમુદાય પ્રેરિત આપત્તિ ખતરા નિવારવા માટેની પહેલ એ કોઇ પણ આપત્તિમાં ત્વરિત પ્રતિભાવ આપવાની વ્યવસ્થા મજબૂત બનાવવાનું પહેલું પગલું છે. તેઓ આજે દિલ્હીમાં ઔદ્યોગિક સલામતી અને આપત્તિ ખતરો ઘટાડવા અંગેની બે દિવસીય પરિષદના ઉદ્દઘાટન સત્રમાં બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે કોઇ પણ આપત્તિ વખતે અસરકારક પ્રતિભાવ આપવામાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સંસ્થાઓ, અને સ્થાનિક લોકોનો સહકાર મહત્વનો બની રહે છે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડના સિલક્યારા ખાતે

ટનેલમાં ફસાયેલા 41 શ્રમિકોને સલામત રીતે ઉગારવામાં સાથે મળીને કરેલા પ્રયાસો મહત્વના બની રહ્યા હતા.

વહીવટીતંત્રે તૈયાર કરેલા આપત્તિ વ્યવસ્થાપન યોજનાની પ્રશંસા કરીને શ્રી સિંહે ઉદ્યોગ જગતને સંભવિત આપત્તિ માટે પોતાની આગવી યોજના ઘડવા અનુરોધ કર્યો હતો.

. . . . . . . . . . .